## CBSCના ચેરમેન રાજેશકુમાર ચતુર્વેદી EDIના મહેમાન બન્યા

# શાળાઓની ફી સાથે સેન્ટ્રલ બોર્ડને કોઈ લેવા દેવા નથી: CBSE ચેરમેન

**નવગુજરાત સમય** > અમદાવાદ

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશનના ચેરમેન રાજેશકુમાર ચતુર્વેદી શનિવારે આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના મહેમાન બન્યા હતાં. જ્યાં તેમણે સીબીએસઈ સાથે સંકળાયેલી શાળાઓમાં આન્ત્રપ્રિન્યોરશીપના



વોકેશનલ કોર્ષીસ શરૂ કરવા બાબતે ચર્ચા કરી હતી. આ સંદર્ભે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાતમાં સ્કૂલની ફી મુદ્દે ચાલતા શાળાઓ અને વાલીઓ વચ્ચેના પ્રશ્નોના જવાબમાં રાજેશકુમાર ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, 'સીબીએસઈનું કામ પરીક્ષાઓનું આયોજન કરવાનું છે, ફીના માળખા સાથે અમારે કોઈ જ લેવાદેવા નથી. ફી બાબતે શાળાઓએ રાજ્ય સરકારના ધારાધોરણોને અનુસરવું જોઈએ. કોઈ પણ શાળા અમારી સાથે શાળાઓ માત્ર પરીક્ષા સંદર્ભે જોડાયેલી હોય છે, બાકી ફી તો શાળાઓના વિસ્તાર અને સુવિધાઓ પર આધારીત હોય છે. શાળાએ ફીનું માળખુ પબ્લિક ડોમેઈનમાં મુકવુ જોઈએ.'

જો કે, તેમણે સીબીએસઈના આગામી આયોજનોમાં યુનિવર્સિટીઓની જેમ રાષ્ટ્રિય સ્તરે શાળાઓના રેંકીંગ અને

**નવા સત્રથી રાષ્ટ્રિય સ્તરે શાળાઓના રેન્કિંગ અને એક્રેડિશન શરૂ કરવાની યોજના લાગુ થશે**

એક્રેડિશન શરૂ કરવાની યોજનાઓ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યુ કે, 'શાળાનું સરેરાશ પરિણામ, શિક્ષણની ગુણવત્તા, શિક્ષકોની ગુણવત્તા, શિક્ષકોનો તેમજ વાલીઓનો સંતોષ, શિક્ષકોના પગારધોરણ, શાળામાં સુવિધાઓ તેમજ શાળાના માહોલ જેવી બાબતોને ધ્યાનમાં રાખીને આ રેન્કિંગ કરવામાં આવશે, જે આવતા નવા સત્રથી લાગુ પડશે.' જો કે, આ રેન્કિંગ બાદ શાળાઓમાં ફી વધવાની શક્યતાઓ અંગે તેમણે કશું પણ કહેવાનું ટાળ્યું હતું.'

હાલ સીબીએસઈ બોર્ડના ધોરણ 10ના અભ્યાસક્રમમાં 28 વોકેશનલ સબજેક્ટ્સ છે, તેમાંથી આન્ત્રપ્રિન્યોરશીપ પણ એક વિષય છે, જે દેશની 19 હજારમાંથી માત્ર 512 શાળાઓમાં આ વિષયનો વિકલ્પ છે. જો કે, વિકલ્પની લોકપ્રિયતા માટે વિષયની માર્કેટીબિલીટી, એ વિષયમાં ભવિષ્યમાં ઉચ્ચ અભ્યાસક્રમમાં તકો તેમજ તેના માટે ઉપલબ્ધ વાચનસામગ્રી અને પાઠ્યપુસ્તકો જેવી બાબતો અગત્યની છે. ત્યારે હવે ધોરણ 11 અને 12માં આન્ત્રપ્રિન્યોરશીપ અને સ્ટાર્ટ અપને ધ્યાનમાં રાખીને સીબીએસઈની ટીમ તેમજ ઈડીઆઈના ફેકલ્ટી મળીને કોર્ષ ડિઝાઈન કરશે.

જ્યારે સીબીએસઈ મુદ્દે ભવિષ્યના અગત્યના નિર્ણયો અંગે રાજેશકુમારે જણાવ્યુ કે, 'અમે દેશભરની શાળાઓમાં સીબીએસઈ બોર્ડ દ્વારા જ લેવાતી પરીક્ષાની યુનિફોર્મિલિટી તેમજ 10 પછી 11 અને 12ની પદ્ધતિ કરી નાખી તે નિર્ણય જ સૌથી મહત્વનો છે.'